ફરિયાદ રજુ તારીખ	૨૦૨૨	૦૨	૦૫
ફરિયાદ રજીસ્ટર તારીખ	૨૦૨૨	૦૨	૦૭
ફરિયાદ ફેંસલ તારીખ	૨૦૨૪	૦૪	૦૬
ફેસલ સમય	**વર્ષ**	**માસ**	**દિવસ**
	૦૨	**૦૨**	**૦૧**

અમદાવાદના મહે.એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ બી.વી.પરમારશ્રીની
ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કોર્ટ નંબર:–૩૩ સમક્ષ

ફોજદારી કેસ નં.૧૨૧૦૧/૨૦૨૨
આંક–૩૪

ફરિયાદી :– અવની ફાયનાન્સ,

માલિક શ્રી રશ્મીકાંત રતિલાલ શાહ,

ઓફિસ : પહેલા માળે, કુતુબ મંઝીલ બિલ્ડીંગ,

શેઠીયા બિલ્ડીંગની સામે, કડીયા કુઈ, રીલીફ રોડ,

અમદાવાદ–૩૮૦૦૦૧.

વિરૂધ્ધ

આરોપી : ઉમેશ હરિભાઈ ગજ્જર,

ઘર :– એ/૧૧, શાંતિ એપાર્ટમેન્ટ, સાંઈબાબા મંદીરની પાછળ,

મણીનગર રેલ્વે ક્રોસીંગ પાસે, મણીનગર વેસ્ટ, અમદાવાદ–૩૮૦૦૦૮.

ફેકટરી :– ૧૧૪, માધવ એસ્ટેટ, રામોલ પોલીસ સ્ટેશન પાસે,

રામોલ, અમદાવાદ–અમદાવાદ–૩૮૦૦૨૬.

ગુનો : ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબ

ફરિયાદ પક્ષે વિ.વ.શ્રી :– એ.પી.મહેતા
આરોપી પક્ષે વિ.વ.શ્રી :– અમરીશ શાહ

–:ચુકાદો:–

(૧) આ કામના ફરિયાદી હાલની ફરિયાદમાં જણાવેલ છે કે, તેઓ ''અવની ફાયનાન્સ''ના નામથી ફરિયાદમાં જણાવેલ સરનામે શ્રોફ એન્ડ કમિશન એજન્ટ

તરીકેનો ધંધો કરે છે અને શાહકારનું લાઈસન્સ ધરાવે છે તથા પાલડી મુકામે વસવાટ કરે છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, આરોપી સાથે તેઓના ભૂતકાળમાં થોડાક વ્યવહારો થયેલા જેથી ફરિયાદી અને આરોપી વચ્ચે ધંધાકીય સંબંધો હતા જેથી આરોપીને રૂપિયા વીસ લાખની જરૂરિયાત ઉપસ્થિત થતાં આરોપીએ ઓગસ્ટ–૨૧ ના પ્રથમ સપ્તાહમાં ફરિયાદીનો સંપર્ક કરેલ, પરંતુ ફરિયાદી પાસે આટલી મોટી રકમ હાથ ઉપર નહીં હોવાથી ફરિયાદીએ વ્યવસ્થા કરીને આપી શકશે તેમ જણાવેલ તેમજ આરોપીએ સદર રકમ ઉપર વ્યાજ / કમિશન ચુકવી આપવાની સંમતિ આપેલ, જેથી આરોપીની જરૂરીયાત અને વિનંતિને ધ્યાને રાખી ફરિયાદીએ સૌપ્રથમ તા.૨૬/૦૮/૨૧ ના રોજ રૂા.૧૦,૦૦,૦૦૦/– પુરા રોકડા કોઈ કમિશનની રકમ કાપ્યા વગર ચુકવેલ જેની સામે આરોપીએ તા.૨૬/૮/૨૧ વાળી એક પ્રોમીસરી નોટ ફરિયાદીની તરફેણમાં કરી આપેલ તથા ઉપરોકત રકમની પરત ચુકવણી પેટે આરોપીએ રૂા.૧૦,૦૦,૦૦૦/– નો તા.૨૧/૧૨/૨૦૨૧ ના રોજનો ચેક નં.૨૪૩૬૪૦ નો સહી કરીને આપેલ.

(૧.૧) વધુમાં ફરિયાદી જણાવેલ છે કે, આરોપી ધ્વારા આપેલ ચેક નં.૨૪૩૬૪૦ નો તેઓની પંજાબ નેશનલ બેંક, મસ્કતી માર્કેટ શાખા, અમદાવાદમાં ભરતાં તા.૨૨/૧૨/૨૦૨૧ ના રોજ ''Account closed'' ના શેરા સાથે ચેક પરત ફરેલ, જેથી ફરિયાદીએ તેઓના વકીલશ્રી મારફતે ફરિયાદમાં જણાવેલ સરનામે તા.૦૧/૦૧/૨૦૨૨ ના રોજ આરોપીને કાયદેસરની નોટીસ રજી.પો.એડી. મારફત મોકલાવેલ. જે નોટીસ આ કામના આરોપીને તા.૦૩/૦૧/૨૦૨૨ ના રોજ બજી ગયેલ હોવા છતાં આરોપીએ ફરિયાદીને તેઓની કાયદેસરની લ્હેણી નીકળતી રકમ ચૂકવી આપેલ નથી તથા નોટીસનો ઉડાઉ જવાબ આપેલ છે. વધુમાં આ કામના આરોપીએ નોટીસ મુજબનું વર્તન નહીં કરીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ (**કે જેને સરળતા ખાતર હવે પછી આ ચૂકાદામાં ''અધિનિયમ'' તરીકે સંબોધવામાં આવેલ છે.**) ની કલમ–૧૩૮ મુજબનો ગુનો કર્યાની ફરિયાદ આ કામના ફરિયાદીએ કરેલી છે અને આરોપીને સજા કરવા અરજ કરેલ છે અને ફરિયાદીને જરૂરી ખર્ચ અપાવવા અરજ કરેલ છે.

(૨) અત્રેની અદાલત ધ્વારા આરોપીને હાજર થવા માટે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૪ (**કે જેને સરળતા ખાતર હવે પછી આ ચુકાદામાં ''સહિંતા'' તરીકે સંબોધવામાં આવેલ છે.**) અન્વયે સમન્સ કાઢતાં જે સમન્સ આરોપીને બજી જતાં આરોપી અત્રેની કોર્ટમાં હાજર થતાં સહિંતાની કલમ–૨૦૭ અન્વયે તેઓને તપાસના કાગળોની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ છે. ત્યારબાદ સહિંતાની કલમ–૨૫૧ અન્વયે આંક–૦૮ થી આરોપીની પ્લી લેતાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ છે અને ન્યાયીક કાર્યવાહીની માંગણી કરતાં, સદર કામ ફરિયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ છે.

(૩) આ કામ ફરિયાદપક્ષના પુરાવા ઉપર આવતા સહિંતાની કલમ–૨૫૪ તથા કલમ–૨૯૪ અન્વયે ફરિયાદી તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે.

–: મૌખિક પુરાવા :–

ક્રમ	મૌખિક પુરાવાની વિગત	આંક
૧	ફરિયાદી અવની ફાયનાન્સના માલિક શ્રી રશ્મીકાંત રતિલાલ શાહનાઓની સોગંદઉપરની જુબાની	૦૪

–: દસ્તાવેજી પુરાવા :–

ક્રમ	દસ્તાવેજી પુરાવાઓની વિગત	આંક
૧	નાણાંની ધીરધારના લાયસન્સની ખરી નકલ	૦૯
૨	હાથથી લખેલ અસલ લખાણ	૧૦
૩	અસલ પ્રોમીસરી નોટ	૧૧
૪	કરજ પત્રક	૧૨
૫	અસલ ચેક નં.૨૪૩૬૪૦	૧૩
૬	ચેક નં.૨૪૩૬૪૦ નો અસલ રીટર્ન મેમો	૧૪
૭	નોટીસની સ્થળપ્રત નકલ	૧૫
૮	ઘરના સરનામે નોટીસ મોકલાવ્યા અંગેની રજી.પોસ્ટ એડીની અસલ રીસીપ્ટ	૧૬
૯	ફેકટરીના સરનામે નોટીસ મોકલાવ્યા અંગેની રજી.પોસ્ટ એડીની અસલ રીસીપ્ટ	૧૭
૧૦	નોટીસનું પરત ફરેલ કવર	૧૮

૧૧	નોટીસ બજી ગયા અંગેની એકનોલેજમેન્ટ	૧૯
૧૨	આરોપીએ તેઓના વકીલશ્રી મારફત મોકલેલ જવાબ	૨૦
૧૩	ફરિયાદ દાખલ કર્યા બાદ આપેલ અસલ ચેક નં.૦૦૦૦૫૧	૨૫
૧૪	ચેક નં.૦૦૦૦૫૧ નો અસલ રીટર્ન મેમો	૨૬
૧૫	ફરિયાદ દાખલ કર્યા બાદ આપેલ અસલ ચેક નં.૦૦૦૦૫૨	૨૭
૧૬	ચેક નં.૦૦૦૦૫૨ નો અસલ રીટર્ન મેમો	૨૮
૧૭	ફરિયાદ દાખલ કર્યા બાદ આપેલ અસલ ચેક નં.૦૦૦૦૫૩	૨૯
૧૮	ચેક નં.૦૦૦૦૫૩ નો અસલ રીટર્ન મેમો	૩૦

(૪) આ સિવાય ફરિયાદપક્ષે અન્ય કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય, આંક–૩૧ થી પુરાવાબંધની પુરસીસ રજુ કરેલ છે.

(૪.૧) કેસનું રેકર્ડ ધ્યાને લેતાં, સબબ કામ ઉલટ તપાસના તબકકે આવતાં આરોપી કે તેઓના વકીલશ્રી ઘણાં સમયથી કોર્ટમાં હાજર ન રહેતા હોય તા.૦૮/૦૯/૨૩ ના રોજ આંક–૨૧ થી ફરિયાદી ધ્વારા આરોપીના કસુર સબબ ઉલટનો હકક બંધ કરવા અરજી રજુ થતાં અત્રેની અદાલત ધ્વારા તા.૨૦/૧૦/૨૦૨૩ ના રોજ વિગતવાર હુકમ કરી આરોપીનો ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ સબબ કામ આરોપીના વિશેષ નિવેદન ઉપર રાખતાં આરોપી કે તેઓના વકીલશ્રી હાજર ન રહેતાં ફરિયાદીની આંક–૩૨ ની અરજી લગત તા.૨૨/૧૧/૨૩ ના રોજ હુકમ કરી આરોપીનો વિશેષ નિવેદનનો હકક બંધ કરવામાં આવેલ છે અને આરોપીની ગેરહાજરીમાં આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૫) આ કામે ફરિયાદપક્ષ તરફે વિ.વ.શ્રીએ મૌખિક દલીલો કરેલ છે તેનું પુનરાવર્તન ટાળવાં પુરાવાના પૃથકકરણમાં વણી લેવામાં આવેલ છે તથા આરોપીપક્ષે દલીલો રજુ કરવામાં આવેલ નથી. ઉપરોકત તમામ હકીકતો, સમગ્ર પુરાવાઓ તથા બચાવો ધ્યાને લેતાં, હાલના કેસના આખરી ન્યાયીક નિર્ણય કરવા મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

–:મુદ્દાઓ:–

૧. શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર સાબિત કરે છે કે, ફરિયાદીના કાયદેસરના દેવાની ચૂકવણી કરવા માટે આરોપીએ ફરિયાદીને ફરિયાદવાળો ચેક આપેલો,

જે ચેક ફરિયાદીએ તેઓની બેંકના ખાતામાં ભરતાં સદર ચેક ''એકાઉન્ટ કલોઝ'' ના શેરાથી પરત આવેલ, જેથી ફરિયાદીએ એડવોકેટ મારફતે આરોપીના સરનામે રજી.એડીથી નોટીસ મોકલી આપેલી, જે નોટીસ બજી ગયેલ છે અને ફરિયાદીના કાયદેસરના નાણાં પરત ન કરતાં તેમ કરીઆરોપીએ અધિનિયમની કલમ–૧૩૮ અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્ય કરેલ છે?

૨. શું હુકમ?

(૬) ઉપરોકત મુદૃાઓ અન્વયે મારા તારણો નીચે મુજબ છે અને તેના કારણો નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) આખરી હુકમ મુજબ

–: કારણો :–

મુદૃા નં.૧ :–

(૭) આ કામે આરોપી વિરૂધ્ધ અધિનિયમ–૧૮૮૧ ની કલમ–૧૩૮ ના ગુનાનો આરોપ મૂકવામાં આવેલ છે જેથી, આ કામે ફરિયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલાં આરોપી વિરૂધ્ધ આક્ષેપિત અધિનિયમની કલમ–૧૩૮ અને તેની સાથે સંલગ્ન કલમ–૧૪૨ ની કાનૂની જોગવાઈઓ ધ્યાને લેતાં,

કલમ–૧૩૮ ખાતામાં અપૂરતા ભંડોળ વગેરેને કારણે ચેકનો અસ્વીકાર:

સમગ્ર રીતે અથવા અંશત: કોઈપણ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે, કોઈ વ્યકિત, પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક, એ ખાતામાંથી બીજી વ્યકિતને નાણાંની ચુકવણી કરવા માટે બેંકરને લખે અને એવા ચેકની ચુકવણી કર્યા વિના બેંકએ પરત કરે, કારણકે એ ખાતામાની જમા રકમ ચેકના સ્વીકાર માટે અપૂરતી છે, અથવા તો બેંક સાથે સમજૂતીથી કરેલી વ્યવસ્થા કર્યા પ્રમાણે ચેકની રકમ એ રકમ કરતાં વધુ છે, ત્યારે, આવી વ્યકિતએ ગુનો કર્યો ગણાશે, અને આ કાયદાની કોઈ અન્ય જોગવાઈઓને બાધ ન આવે તેમ તેને ''બે વર્ષ'' સુધીની કેદની શિક્ષા, અથવા ચેકની રકમથી બમણી રકમ સુધીનો દંડ અથવા

બંને કરવામાં આવશે પરંતુ એમ ઠરાવ્યુ છે કે,

(એ) જયાં સુધી, ચેક લખ્યાની તારીખથી છ માસ અથવા તે કાયદા માન્ય હોય તે મુદત– એ બેમાંથી જે વહેલી હોય તે મુદતમાં તેવો ચેક બેંકમા રજુ કરવામાં આવ્યો ન હોય,

(બી) જયાં સુધી, તે ચેકનો પેઈ અથવા તો યથાક્રમધારક, જેમ હોય તેમ, તે ચેક વણચૂકવ્યો પરત આવ્યાની બેંક તરફથી તેને માહિતી મળ્યાના 'ત્રીસ દિવસ'ની અંદર તે ચેકના લખનારને લેખિત નોટીસ આપીને તેવી રકમની ચુકવણીની માંગણી કરે નહી, અને

(સી) જયાં સુધી, એવો ચેક લખનાર, ચેકનાં નાણાં લેનાર પેઈને અથવા તે ચેકમાં યથાનુક્રમધારકને, જેમ હોય તેમ, ઉપરોકત નોટીસ મળ્યાના પંદર દિવસમાં એ રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય નહી, ત્યાં સુધી આ કલમમાંનુ કશું જ લાગુ પડશે નહીં.

સ્પષ્ટીકરણ : આ કલમના હેતુઓ માટે દેવું અથવા અન્ય જવાબદારી એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવું દેવું અથવા અન્ય જવાબદારી એવો થાય છે.

(૭.૧) આમ, ફરિયાદી દવારા ચેકનું એકઝીકયુશન પુરવાર કરેથી અને પોતાની ફરિયાદ સબબ પ્રાથમીક પુરાવો રજુ કરતાં અધિનિયમની કલમ–૧૩૮ ની વ્યાખ્યાના તત્વો સાબિત થયા બાદ આ કામના આરોપી વિરૂધ્ધ કલમ–૧૩૯ અન્વયે અનુમાનની સંભાવના કાયદા ધ્વારા પ્રસ્થાપિત કરેલ છે જે સંદર્ભે કલમ–૧૩૯ નું પ્રાવધાન જોવામાં આવે તો,–

139. Presumption in favour of holder.—It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in section 138, for the discharge, in whole or in part, of any debt or other liability.

આમ, આ કલમ–૧૩૯ અન્વયે જયારે જયાં સુધી વિપરીકત પુરવાર કરવામાં આવે નહીં ત્યાં સુધી અનુમાન કરવામાં આવશે કે ચેકના ધારકે કલમ–૧૩૮ માં જણાવેલ ચેક કોઈપણ દેવું અથવા અન્ય જવાબદારીને પુરેપુરી અથવા

અંશત: ચૂકવણી માટે મેળવ્યો હતો.

આ તબકકે કલમ–૨૦ ની જોગવાઈઓ ઘ્યાને લેવામાં આવે તો,–

20. Inchoate stamped instruments. Where one person signs and delivers to another a paper stamped in accordance with the law relating to negotiable instruments then in force in 1[India], and either wholly blank or having written there on an incomplete negotiable instrument, he thereby gives prima facie authority to the holder thereof to make or complete, as the case may be, upon it a negotiable instrument, for any amount specified therein and not exceeding the amount covered by the stamp. The person so signing shall be liable upon such instrument, in the capacity in which he signed the same, to any holder in due course for such amount; provided that no person other than a holder in due course shall recover from the person delivering the instrument anything in excess of the amount intended by him to be paid thereunder.

આમ, કલમ–૨૦ અનુસાર જયારે કોઈ વ્યકિતએ સહી કરીને કોઈપણ ખત આપેલ હોય, ત્યારે તે ખત વટાવવાની યથાનુક્રમે ધારકને જવાબદારી મળેલ છે અને તે સહી કરેલો ચેક વટાવી શકવા માટે અધિકાર પ્રાપ્ત થાય છે. આ તબકકે કલમ–૧૧૮ ના અધિનિયમ અન્વયેનાં જે અનુમાનો છે, તે સંદર્ભેની જોગવાઈ જોવામાં આવે, તો–

118. **Presumptions as to negotiable instruments.** Until the contrary is proved, the following presumptions shall be made:

(a) **of consideration.** that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration;

(b) **as to date.** that every negotiable instrument bearing a date was made or drawn on such date;

(c) **as to time of acceptance.** that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;

(d) **as to time of transfer.** that every transfer of a negotiable instrument was made before its maturity;

(e) **as to order of indorsements.** that the indorsements appearing upon a

negotiable instrument were made in the order in which they appear thereon;

(f) **as to stamp.** that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

(g) **that holder is a holder in due course.** that the holder of a negotiable instrument is a holder in due course: Provided that, where the instrument has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.

આમ, ઉપરોકત અધિનિયમની કલમ–૨૦, ૧૧૮ તથા ૧૩૯ નાં પ્રાવધાનોને જોતાં જયાં સુધી વિરૂધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી ધારક સંદર્ભેના અનુમાનોની જોગવાઈ કરવામાં આવેલ છે. અધિનિયમની કલમ–૧૩૮ અંગેનું સૌપ્રથમ આવશ્યક તત્વ એ છે કે, વાદગ્રસ્ત ચેક કાયદેસરનું દેવું કે જવાબદારી પુરેપુરી કે અંશત: અદા કરવા માટે આપવામાં આવ્યો હોવો જોઈએ. જે હકીકત પુરવાર કરવા અંગે સાબિતીનો પ્રારંભીક બોજો ફરિયાદી ઉપર હોય છે. જે બોજાનું ફરિયાદી વહન કરે કે તુરત જ ''અધિનિયમ'' ની કલમ–૧૩૯ અન્વયે ચેક ધારણ કરનાર યાને કે હાલના ફરિયાદીની તરફેણમાં તેમજ ચેક ડ્રો કરનાર યાને કે હાલના તહોમતદારની વિરૂધ્ધમાં કાયદાકીય અનુમાન કરવાનું રહે છે. જે અનુસાર વાદગ્રસ્ત ચેક કાયદેસરના દેવા કે જવાબદારીની સંપુર્ણત: અથવા તો અંશત: ચુકવણી કરવા માટે જ આપવામાં આવ્યો હોવાનું અનુમાન કરવાનું રહે છે. સદર અનુમાન કાયદાકીય અનુમાન છે અને જે ''ખંડનાત્મક'' અનુમાન છે. ખંડનાત્મક પુરાવો રજુ કરવાનો સંપુર્ણ બોજો તહોમતદાર ઉપર રહે છે. સદર ખંડનાત્મક પુરાવો રજુ કરવા માટે કોઈ સીધો કે પ્રત્યક્ષ પુરાવો હોવો જ જોઈએ તેવું જરૂરી નથી. તહોમતદાર કેસના રેકર્ડ ઉપર એવા સંજોગોથી પ્રસ્થાપિત કરી શકે કે જેનાથી વાદગ્રસ્ત ચેક કોઈ કાયદેસરના દેવા માટે આપ્યો જ ન હોવાની સંભાવના ઘણી જ પ્રબળ હોય તો તેનાથી પણ સદર અનુમાનનું ખંડન થયાનું ગણી શકાય છે.

(૮) આ કામે પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલાં અત્રે એ નોંધ કરવી જણાઈ આવે છે કે, ફરિયાદી ધ્વારા હાલની ફરિયાદ તા.૦૫/૦૨/૨૦૨૨ ના રોજ દાખલ કરેલ છે. ત્યારબાદ તા.૦૨/૦૮/૨૦૨૨ ના રોજ હાજર રહી આ કામના આરોપીએ તેઓની સામેના ગુનાનો ઈનકાર કરેલ છે અને ત્યારબાદ આરોપી લાંબા સમયથી કોર્ટમાં સતત ગેરહાજર રહેતા હોય ફરિયાદપક્ષે આરોપીના કસુર સબબ આંક–૨૧ થી આરોપીનો ઉલટતપાસનો હકક બંધ કરવાની અરજી રજુ થયેલ છે, જે અત્રેની કોર્ટ ધ્વારા તા.૨૦/૧૦/૨૩ ના રોજ મંજુર કરી ઉલટતપાસનો હકક બંધ કરેલ છે. ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૩૧ થી કલોઝીંગ પુરસીસ રજુ થતાં સબબ કામ આરોપીના વિશેષ નિવેદનના તબકકે આવતાં આરોપીને હાજર રહેવા માટે પુરતી તક આપેલ હોવાનું રેકર્ડ પરથી જણાઈ આવે છે તેમ છતાં પણ આરોપી સ્વેચ્છાએ હાજર રહેલ નથી અને ફરિયાદી તરફે રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાને પડકારેલ નથી. ત્યારબાદ સબબ કામ આરોપીના વિશેષ નિવેદન ઉપર રાખતાં આરોપી કે તેમના વકીલશ્રી હાજર ન રહેતાં, ફરિયાદપક્ષે આંક–૩૨ થી આરોપીનો વિશેષ નિવેદનનો હકક બંધ કરવાની અરજી રજુ થતાં તા.૨૨/૧૧/૨૦૨૩ ના રોજ અત્રેની કોર્ટ ધ્વારા ફરિયાદીની અરજી મંજુર કરતો હુકમ કરી વિશેષ નિવેદનનો હકક બંધ કરવામાં આવેલ છે અને આરોપીને હાજર રહેવા માટે પુરતી તક આપેલ હોવાનું રેકર્ડ પરથી જણાઈ આવે છે. તેમ છતાં પણ આરોપી સ્વેચ્છાએ હાજર રહેલ નથી અને ફરિયાદી તરફે રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાને પડકારેલ નથી. ત્યારબાદ આરોપીની ગેરહાજરીમાં પ્રસ્તુત કેસ આગળ ચલાવી ફરિયાદીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૯) હવે, સૌપ્રથમ કેસનું રકેર્ડ ધ્યાને લેતાં, ફરિયાદીએ પોતાની ફરિયાદમાં અને સરતપાસમાં આ કામના તહોમતદારને નાણાંકીય જરૂરીયાત ઉપસ્થિત થતાં ફરિયાદી પાસેથી વ્યાજે નાણાં મેળવેલ અને ફરિયાદીએ આપેલ નાણાંની પરત ચુકવણી બદલ આ કામના આરોપીએ વાદગ્રસ્ત ચેક આપેલ છે તેવું જણાવેલ છે, જે અસલ વાદગ્રસ્ત ચેક આ કામે આંક–૧૩ થી રજુ છે તથા અસલ ચેક રીટર્ન મેમો આંક–૧૪ થી રજુ છે. તેને પડકારવા માટે આરોપી કોર્ટમાં જાતે હાજર રહેલા

નથી. હવે, ફરિયાદીના મૌખિક કે દસ્તાવેજી પુરાવાનું આરોપી દવારા ઉલટ તપાસ કરી કોઈ વિરૂધ્ધનો પુરાવો એટલે કે, ખંડનાત્મક પુરાવો રજુ કરેલ નથી જેથી ફરિયાદી જે હકીકત જાહેર કરેલ છે તે નહિ માનવાને કોઈ કારણ જણાઈ આવતું નથી.

(૯.૧) ત્યારબાદ ફરિયાદી ધ્વારા આંક-૧૪ થી રીટર્ન મેમો અંગેનો દસ્તાવેજ રજુ કરેલ છે. જે ધ્યાને લેતાં પંજાબ નેશનલ બેંક, મસ્કતી માર્કેટ શાખા, અમદાવાદ તરફથી રીટર્ન મેમો ''એકાઉન્ટ કલોઝડ'' ના શેરા સાથે પરત ફરેલ હોવાનું દર્શાવેલ છે. આમ, અધિનિયમની કલમ-૧૪૬ અન્વયે સદર દસ્તાવેજ બેંકની સ્લીપ હોય અને તેમાં ચેક પરત થયેલાનું કારણ દર્શાવવામાં આવ્યું હોય તો જયાં સુધી તેની વિપરીત હકીકત કે વિપરીત પુરાવો રજુ કરવામાં ન આવે ત્યાં સુધી રીટર્ન મેમો સીધો પુરાવામાં ગ્રાહય બને છે અને તેમાં જણાવેલ કારણથી ચેક પરત થયા અંગેનું અનુમાન ફરિયાદીની તરફેણમાં કરવાનું રહે છે. વધુમાં, ફરિયાદી ધ્વારા તેમના વિધ્વાન વકીલશ્રી મારફતે આંક-૧૬ થી ફરિયાદીની સુચના મુજબ આરોપીને ફરિયાદમાં દર્શાવ્યા મુજબના તેઓના સરનામે નોટીસ આપવામાં આવેલ છે અને આંક-૨૦ થી આરોપીના ફેકટરીના સરનામે નોટીસ બજી ગયા અંગેની અસલ એકનોલેજમેન્ટ આ કામે રજુ કરેલ છે. આમ, ફરિયાદી ધ્વારા ચેક એકઝીકયુશન બાબતનો સમગ્ર પુરાવો જોવામાં આવે તો આરોપી એવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી કે વાદગ્રસ્ત ચેક તેઓનો નથી તેમજ સદર ચેકમાં તેઓની સહી નથી જેથી વાદગ્રસ્ત ચેકનું ફરિયાદી ધ્વારા એકઝીકયુશન પુરવાર થાય છે.

(૯.૨) ફરિયાદીપક્ષ ધ્વારા ચેકનું એકઝીકયુશન પુરવાર થતું હોય, ફરિયાદીની તરફેણમાં કાયદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ અધિનિયમની કલમો-૧૧૮ અને ૧૩૯ ના અનુમાનો ઉપસ્થિત થશે. ટુંકમાં કહીએ તો, અત્રેની અદાલતે ફરિયાદીની તરફેણમાં એવું અનુમાન કરવાનું રહે કે આરોપીએ ફરિયાદીનું કાયદેસરનું લેણું ચૂકવવા વાદગ્રસ્ત ચેક આપેલ છે. હવે, આરોપી પક્ષ ઉપરોકત કલમ મુજબના અનુમાનોનું ખંડન કરતો પુરાવો રજુ ના કરે તો ત્યાં સુધી આરોપી વિરુધ્ધ

અધિનિયમની કલમ ૧૩૮ મુજબનો ગુનો પુરવાર માનવાનો રહે છે.

(૧૦) આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો ધ્યાને લેવો જરૂરી બને છે. ***કુમાર એક્ષપોર્ટ વિ. શર્મા કોર્પેટસ, ૨૦૦૯(૧) ડીસીઆર ૧૭૭*** ના ચુકાદા ઉપર આધાર રાખવામાં આવેલ છે જેમાં નામદાર સર્વોચ્ચ અદાલતે, અનુમાનો શું છે, તેનું પુરાવામાં શું મહત્વ છે અને અનુમાનોનું ખંડન કેવી રીતે કરવું તે અંગે વિસ્તૃત ચર્ચા કરેલ છે. સદર ચુકાદો વંચાણે લેવામાં આવે તો, તેમાં ફકરા નં ૯, ૧૦,૧૧ માં અવલોકનો કરેલ જે નીચે મુજબ છે.

"9. … Section 118 of the Act provides presumptions to be raised until the contrary is proved (i) as to consideration, (ii) as to date of instrument, (iii) as to time of acceptance, (iv) as to time of transfer, (v) as to order of endorsements, (vi) as to appropriate stamp and (vii) as to holder being a holder in due course. Section 139 of the Act provides that it shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in Section 138 for the discharge, in whole or in part, or any debt or other liability. …

10. …. Applying the definition of the word 'proved' in Section 3 of the Evidence Act to the provisions of Sections 118 and 139 of the Act, it becomes evident that in a trial under Section 138 of the Act a presumption will have to be made that every negotiable instrument was made or drawn for consideration and that it was executed for discharge of debt or liability once the execution of negotiable instrument is either proved or admitted. As soon as the complainant discharges the burden to prove that the instrument, say a note, was executed by the accused, the rules of presumptions under Sections 118 and 139 of the Act help him shift the burden on the accused. The presumptions will live, exist and survive and shall end only when the contrary is proved by the accused, that is, the cheque was not issued for consideration and in discharge of any debt or liability. A presumption is not in itself evidence, but only makes a prima facie case for a party whose benefit it exists.

11. … To rebut the statutory presumptions an accused is not expected to prove his defence beyond reasonable doubt as is expected of the complainant in a criminal trial. The accused may adduce direct

evidence to prove that the note in question was not supported by consideration and that there was no debt or liability to be discharged by him. *However, the court need not insist in every case that the accused should disprove the non-existence of consideration and debt by leading direct evidence because the existence of negative evidence is neither possible nor contemplated. At the same time, it is clear that bare denial of the passing of the consideration and existence of debt, apparently would not serve the purpose of the accused. Something which is probable has to be brought on record for getting the burden of proof shifted to the complainant.* ***To disprove the presumptions, the accused should bring on record such facts and circumstances, upon consideration of which, the court may either believe that the consideration and debt did not exist or their non-existence was so probable that a prudent man would under the circumstances of the case, act upon the plea that they did not exist****.*

Apart from adducing direct evidence to prove that the note in question was not supported by consideration or that he had not incurred any debt or liability, the accused may also rely upon circumstantial evidence and if the circumstances so relied upon are compelling, the burden may likewise shift again on to the complainant. The accused may also rely upon presumptions of fact, for instance, those mentioned in Section 114 of the Evidence Act to rebut the presumptions arising under Sections 118 and 139 of the Act. The accused has also an option to prove the non-existence of consideration and debt or liability either by letting in evidence or in some clear and exceptional cases, from the case set out by the complainant, that is, the averments in the complaint, the case set out in the statutory notice and evidence adduced by the complainant during the trial. ***Once such rebuttal evidence is adduced and accepted by the court, having regard to all the circumstances of the case and the preponderance of probabilities, the evidential burden shifts back to the complainant*** *and, thereafter, the presumptions under Sections 118 and 139 of the Act will not again come to the complainant's rescue."*

(૧૧) હવે, નામદાર સર્વોચ્ચ અદાલતનો ઉપરોકત ચુકાદો ધ્યાને લેવામાં આવે તો**,** એ હકીકત સ્પષ્ટ છે કે જો ફરિયાદી વાદગ્રસ્ત ચેકનું એકઝીકયુશન પુરવાર કરે

અથવા તો આરોપી તેનો સ્વીકાર કરે તો, ફરિયાદીની તરફેણમાં અધિનિયમની કલમો–૧૧૮ અને ૧૩૯ ના અનુમાનો ઉપસ્થિત થશે અને સદર અનુમાનોનું ખંડન કરવાની જવાબદારી આરોપીના શિરે જશે. આ કામે રજુ થયેલ ઉપરોકત ચુકાદો અને કાયદામાં લાગુ પડતી પુરાવા અધિનિયમની જોગવાઈઓ ધ્યાને લેતાં, અનુમાનોનું ખંડન કરી શકે તે મુજબનો પ્રોબેબલ બચાવ કે જે બચાવ આધારે અનુમાનોનું ખંડન થાય છે તેવું માનવા સામાન્ય બુધ્ધિશાળી માણસ પ્રેરાય તેવો પુરાવો આરોપીપક્ષે રજુ કરવામાં આવેલ છે કે કેમ ? અથવા તેવો બચાવ આરોપીપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ છે કે કેમ ? તે ધ્યાને લેવું પડે, પરંતુ આ કામે અગાઉ કરેલ ચર્ચા મુજબ આરોપી કોર્ટમાં ફરિયાદીની ઉલટતપાસ માટે અને તેઓના વિશેષ નિવેદન નોંધવા સારું ગેરહાજર રહેલ છે અને ફરિયાદપક્ષનો સમગ્ર પુરાવો પડકારવામાં આવેલ નથી. આમ, આરોપીને પૂરતી અને વ્યાજબી તક આપેલ હોવા છતાં ફરિયાદીની ઉલટતપાસ કરેલ ન હોઈ તે થકી આરોપીએ ફરિયાદપક્ષના પુરાવામાં શંકા ઉભી કરી પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબિલીટી મુજબનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર રજુ કરેલ નથી.

(૧૨) આ કામે ફરિયાદપક્ષ તેમનો કેસ નિ:શંકપણે સાબિત કરી શકેલ હોવાનું માનવાને કારણ રહે છે. આમ, ફરિયાદપક્ષે પોતાનો કેસ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓથી બિયોન્ડ રીઝનેબલ ઓલ ડાઉટ એટલે કે શંકાથી પર રહીને પુરવાર કરેલાનું અત્રેની અદાલતનું માનવુ છે. આ કામે આરોપીએ તેમને પૂરતી અને વ્યાજબી તક આપવા છતાં ફરિયાદીની ઉલટતપાસ કરી પોતાનો બચાવ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આરોપીએ સંહિતાની કલમ–૩૧૩ મુજબનું વિશેષ નિવેદનના તબકકે કોર્ટમાં હાજર રહેલ નથી. જેથી આ તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટનો મનોજ વાસુદેવ સોમપુરા વિ. સ્ટેટ ઓફ ગુજરાતનો R/SCR.A/ 6721/2023 માં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને લેતાં નામ ગુજ. હાઈકોર્ટ ધ્વારા પેરા નં.૧૪ માં નીચે મુજબ ઠરાવેલ છે.

> *"Para no. 14. Considering the facts and circumstances of the case, this Court is of the opinion that the trial Court was completely justified in passing the impugned judgment and*

order. The decision to not conduct cross-examination of the complainant in spite of repeated opportunities and to not remain present on the next date of trial when his Further Statement u/s. 313 of Cr.P.C. recorded on the earlier date was to be exhibited was a deliberate, intentional and conscious decision on the part of the petitioner. It was not that the petitioner was not aware about the stage of trial proceedings. However, deliberately, the petitioner had chosen to remain absent from the trial proceedings from the date his Further Statement u/s. 313 of Cr.P.C. was recorded but before it could be exhibited."

આમ, ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત સાથે પ્રસ્તુત કેસનાં ચુકાદાની હકીકત ધ્યાને લેવામાં આવે તો, સદર કેસ વર્ષ–૨૦૨૨ માં દાખલ થયેલ છે. આરોપીએ આજદિનસુધી તકરારી ચેક સંદર્ભે કોઈ રકમ ચુકવેલ હોય તેવો પુરાવો પુરતી તક આપેલ હોવા છતાં રજુ નથી જેથી અત્રે એ બાબત સ્પષ્ટ છે કે, ફરિયાદી વર્ષ–૨૦૨૨ થી આરોપી સામે તેઓનું કાયદેસરનું લેણું મેળવવા અરજ કરેલ છે. વધુમાં ઉપરોકત ચુકાદામાં જણાવ્યા અનુસાર આરોપી જાણીજોઈને કોર્ટમાં ફરિયાદીની ઉલટતપાસ માટે અને પોતાના વિશેષ નિવેદન નોંધવા સારું ગેરહાજર રહેલ છે. જેથી, ફરિયાદપક્ષના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓની વિરુધ્ધની હકીકતો આરોપીપક્ષ રેકર્ડ ઉપર લાવી પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબિલીટી મુજબનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. જેથી ફરિયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ હોવાનું અત્રેની અદાલતનું માનવું છે. વધુમાં રજુ દસ્તાવેજી પુરાવા વંચાણે લેવામાં આવે તો ફરિયાદીના કેસને સંપૂર્ણપણે સમર્થન પ્રાપ્ત થાય છે.

(૧૩) વધુમાં, આ કામે નોટીસ મળી ગયા બાદ આરોપીએ નાણાં ચૂકવી આપેલ છે તેવો ફરિયાદીનો કેસ નથી અને આરોપી પણ નાણાં ચૂકવી આપેલ હોય તેવું કોઈ કથન રેકર્ડ પર લાવેલ નથી. આમ, ઉપરોકત તારણો ધ્યાને લેતાં ફરિયાદીએ વિવાદીત ચેક તેમના નિયત ખાતામાં સમય મર્યાદામાં જમાં કરાવેલ હતો અને તે

અંગે ફરિયાદીએ નોટીસ પણ ચેક રીર્ટર્ન થયાના દિન–૩૦ માં આપેલ છે અને જે આરોપીના સરનામે બજી ગયેલ છે. આ નોટીસ બજી ગયા બાદ દિન–૧૫ સુધી આરોપીએ નાણાં નહી ચૂકવતાં, ફરિયાદીએ હાલની ફરિયાદ તા.૦૫/૦૨/૨૦૨૨ ના રોજ દાખલ કરેલ છે જે પણ નિયત સમયમર્યાદામાં દાખલ થયેલ છે. આમ ફરિયાદીએ તમામ કાર્યવાહી સમય–મર્યાદામાં કરેલ છે તે પુરવાર થાય છે.

(૧૪) આમ, ઉપરોકત હકીકતો, પુરાવાની સમગ્ર ચર્ચા, તારણો તેમજ અધિનિયમની કલમ–૧૩૮ ની જોગવાઇઓ ધ્યાને લેતાં, અત્રેની અદાલતનું સ્પષ્ટપણે એવું માનવું છે કે, આરોપી નં.૨ વિરૂઘ્ધ કલમ–૧૩૮ ના ગુનાના તમામ તત્વો પુરવાર થાય છે. પરિણામે, **મુદ્દા નં.૧** નો જવાબ **હકારમાં** આપવામાં આવે છે જયારે **મુદ્દા નં.૨** અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–: હુકમ :–

(૧) આ કામના આરોપી : **ઉમેશ હરિભાઈ ગજજર, ઘર :–** એ/૧૧, શાંતિ એપાર્ટમેન્ટ, સાંઇબાબા મંદીરની પાછળ, મણીનગર રેલ્વે ક્રોસીંગ પાસે, મણીનગર વેસ્ટ, અમદાવાદ–૩૮૦૦૦૮. **ફેકટરી :–** ૧૧૪, માઘવ એસ્ટેટ, રામોલ પોલીસ સ્ટેશન પાસે, રામોલ, અમદાવાદ–અમદાવાદ–૩૮૦૦૨૬. નાઓને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૫૫ (૨) અન્વયે ઘી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના સબબ તકસીરવાન ઠરાવી સજા અંગે સાંભળવા માટે મુલત્વી રાખવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૬ ઠ્ઠી માહે : એપ્રિલ સને : ૨૦૨૪ ના રોજ મારી સહી કરીને ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ
તારીખ : ૦૬/૦૪/૨૦૨૪

(ભરતકુમાર વિઠ્ઠલભાઈ પરમાર)
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
ને.ઈ.એકટ, કોર્ટ નં.૩૩, અમદાવાદ
જી.જે.૦૦૯૩૯

–: સજા બાબતે સાંભળ્યા બાદનો હુકમ :–

(૧૫) ફરિયાદપક્ષ તરફે તેઓની મૌખિક દલીલમાં રજુઆત કરેલ કે, આ કામના આરોપીએ ફરિયાદીના કાયદેસરના લેણાં ચૂકવેલ નથી. આરોપીના કસુરના કારણે ફરિયાદીને હાલની ફરિયાદ કરી સમગ્ર કાર્યવાહીમાં ભાગ લેવાની ફરજ પડેલ છે. જેથી આરોપીને મહત્તમ સજા કરી, ફરિયાદીને થયેલ નાણાંકીય નુકશાન સંદર્ભે વળતર અપાવવા અરજ ગુજારેલ છે.

(૧૬) આજરોજ આરોપી ગેરહાજર હોય, જેથી આરોપી તરફે કોઈ રજુઆત નથી.

(૧૭) આ તબકકે નામ.ગુજરાત હાઈકોર્ટનાં *Sharad Jethalal Savla v. State of Gujarat 2017(3) GLH 146* ના ચુકાદાનો પેરા નં.–૨૫ ઘ્યાને લેવો જરૂરી છે.

> *25. However, the judgment that the learned Magistrate may pronounce in the absence of the accused by itself will not vitiate the judgment. Sub-section (7) of Section 353 of the Cr.P.C. clearly lays down that no judgment delivered by any criminal court shall be deemed to be invalid by reason only of the absence of any party.*

ઉપરોકત કાયદાકીય પરિસ્થિતિને ઘ્યાને લેતાં, અદાલત કોઈપણ પક્ષકારની ગેરહાજરીમાં જજમેન્ટ/ચુકાદો જાહેર કરી શકે છે. ક્રિ.પ્રો.કોડની કલમ–૩૫૩ થી અદાલતને આ સત્તા પ્રાપ્ત થાય છે. હાલનો કેસ મુલતવી રાખવા માટે રેકર્ડ ઉપર કોઈ વાજબી કારણ ઉપલબ્ધ નથી.

(૧૮) હાલનો કેસ ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ છે. આરોપીની ગેરહાજરીમાં ચૂકાદો જાહેર કરવાથી ન્યાયનો હેતુ સરે તેમ હોવાનું અત્રેની અદાલતનું સ્પષ્ટપણે માનવું છે.

નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ ની પીનલ પ્રોવિઝનને ઘ્યાને લેતાં, આરોપીને સજા કરવામાં આવે તથા ફરિયાદીને વળતર અપાવવાનો હુકમ કરવામાં આવે તો, ન્યાયનો હેતુ સરે તેમ હોવાનું અત્રેની અદાલતનું સ્પષ્ટપણે માનવું છે. જેથી **મુદ્દા નં.૨** પરત્વે ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

–: આખરી હુકમ :–

(૧) આ કામના આરોપી : **ઉમેશ હરિભાઈ ગજ્જર, ઘર :–** એ/૧૧, શાંતિ એપાર્ટમેન્ટ, સાંઇબાબા મંદીરની પાછળ, મણીનગર રેલ્વે ક્રોસીંગ પાસે, મણીનગર વેસ્ટ, અમદાવાદ–૩૮૦૦૦૮. **ફેકટરી :–** ૧૧૪, માધવ એસ્ટેટ, રામોલ પોલીસ સ્ટેશન પાસે, રામોલ, અમદાવાદ–અમદાવાદ–૩૮૦૦૨૬. નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૫૫ (૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ ના ગુના સબબ **૧ વર્ષની સાદી કેદની સજા** ફરમાવવામાં આવે છે. આરોપીને આ ગુના સબબ કોઈ અલાયદો દંડ કરવામાં આવતો નથી.

(૨) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૫૭(૩) અન્વયે આ કામના આરોપીને આદેશ કરવામાં આવે છે કે, તેઓએ તકરારી ચેકની રકમ રૂા.૧૦,૦૦,૦૦૦/– અંકે રૂપિયા દસ લાખ પુરા/– **વાર્ષિક ૦૬ ટકાના વ્યાજ સાથે** આ કામના ફરિયાદીને વળતર તરીકે આ હુકમ તારીખથી દિન–૬૦ માં ચુકવી આપવા વિકલ્પે અત્રેની અદાલતમાં જમા કરાવવા. જો આરોપી ઉપરોકત રકમ દિન–૬૦ માં ચુકવી ન આપે તો આરોપીને આ કામે વધુ ૬ (છ) માસની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

(૩) આરોપીના અગાઉના જામીનખત તથા જાતમુચરકા આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આરોપી આજરોજ નામ.અદાલતમાં હાજર ન હોય, આરોપી વિરૂધ્ધ સજાના અમલ માટે વોરંટ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૬ ઠ્ઠી માહે : એપ્રિલ સને : ૨૦૨૪ ના રોજ મારી સહી કરીને ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ
તારીખ : ૦૬/૦૪/૨૦૨૪

(ભરતકુમાર વિઠ્ઠલભાઈ પરમાર)
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
ને.ઈ.એકટ, કોર્ટ નં.૩૩, અમદાવાદ
જી.જે.૦૦૯૩૯